**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 7, Issue - 11, November - 2024

DOIs:10.2018/SS/202411006 --:-- Research Paper / Article / Review

# પંચમહાલના ઐતિહાસિક સ્થળો

[૧] કૈલાસબેન રતિલાલ બારીઆ, [૨] ડૉ. ઝેનામાબીબી કાદરી
[૧] રિસર્ચ સ્કોલર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,
[૨] ગાઈડ, આસી. પ્રોફેસર, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
[*1] **E-Mail : kailasbaria1512@gmail.com**

## 1. પ્રસ્તાવના:-

ભૂતકાળને જાણવો, વાગોળવો અને તેમાં સતત સંશોધનો કરતાં રહેવું એ માનવ સ્વભાવની પ્રકૃતિ રહી છે. માનવી સંશોધન હેતુ, શોખ ખાતર કે બીજા કોઈ કારણોસર એ અમુક સ્થળોના ઈતિહાસને જાણવાનો પ્રયત્ન કરતો હોય છે. ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાનો ઈતિહાસ જાણવા માટેના સ્ત્રોતો બહુ જ ઓછા પ્રમાણમાં મળે છે. છતાં પણ કુદરતી સૌંદર્યથી ભરપૂર પંચમહાલના ઈતિહાસને ઉજાગર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

પંચમહાલ ગુજરાતમાં પૂર્વ દિશામાં આવેલો જિલ્લો છે. પંચમહાલ એટલે 'પાંચ મહાલનો પ્રદેશ' સિંધિયાકાળથી ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ અને ઝાલોદ એ પાંચ મોટા પ્રદેશો એટલે કે મહાલોનો સમૂહ એટલે 'પંચમહાલ' તરીકે ઓળખાય છે. અહીં પંચમહાલના ઐતિહાસિક સ્થળોની ઝાંખી કરવવાનો નાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 2. પાવાગઢ:-

ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં પાવાગઢ આવેલ છે. પાવાગઢ 51 શક્તિપીઠામાનું એક શક્તિપીઠ છે. શ્રદ્ધાળુઓ પાવાગઢના માતાજીના દર્શન માટે ગુજરાતભરમાથી આવે છે. જૂના મહાકાળી માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ મંદિરના ધ્વજારોહણ કાર્યક્રમમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેંદ્ર મોદીજીએ હાજરી આપી આ સ્થળની લોકપ્રિયતામાં વધારો કર્યો છે.

પાવાગઢ ડુંગર પરથી વિશ્વામિત્રી નદી નીકળે છે. ત્યાં વિશ્વામિત્ર ગુફાઓ આવેલી છે. પાવાગઢ એ જ્વાળામુખી પ્રકારનો પર્વત છે. પાવાગઢ ડુંગર પર માંચી નામની જગ્યાએ તેલીયું, છાસીયું અને દૂધીયું તળાવ આવેલ છે. ત્યાં લકુલીશ મંદિર આવેલ છે. જેમાં પ્રવેશ ચોકી, ગૂઢ મંડપ અને દેવીઓના આકર્ષક શિલ્પો જોવા મળે છે. ગર્ભગૃહના દ્વારના લલાટલિંબમાં લકુલીશ શિલ્પ છે. પાવાગઢના સૌથી ઊંચા શિખરની ઉત્તરે મૌલિયાટૂંક મેદાની ભાગમાં આવેલી ખીણ 'નવલખી ખીણ' તરીકે ખ્યાતિ પામેલ ઇમારત મોગલકાળની સ્થાપત્યની ઝાંખી કરાવે છે.

## 3. ચાંપાનેર:-

ચાંપાનેર પાવાગઢની તળેટીમાં આવેલું છે. વનરાજ ચાવડાએ ઇ.સ. 747માં પોતાના મિત્ર અને સેનાપતિ ચાંપાની યાદમાં આ નગર વસાવ્યું છે. ઇ.સ. 1484માં મહંમદ બેગડએ પતાઈ રાવળ જયસિંહને હરાવી ચાંપાનેરને પોતાની રાજધાની બનાવી. ચાંપાનેરમાં મહંમદ બેગડએ જુમ્મા મસ્જિદ, કેવડા મસ્જિદ, ખજૂરી મસ્જિદ, નગીના

મસ્જિદ જેવા સ્થાપત્યો બંધવ્યા હતા. ઇ.સ. 2004 માં યુનેસ્કો દ્વારા ગુજરાતની સૌપ્રથમ અને ભારતની 26મી વર્લ્ડ હેરિટેજ સાઇટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના યાત્રાના સ્થળ તરીકે ખૂબ જ પ્રખ્યાત છે.

**4. જુમ્મા મસ્જિદ:-**

જુમ્મા મસ્જિદ ચાંપાનેરમાં આવેલી છે. જુમ્મા મસ્જિદ જોવાલાયક પુરાતત્વીય સ્થળ છે. આ મસ્જિદ પ્રાચીન મસ્જિદ છે. તેને ઇ.સ. 1513માં મહંમદ બેગડા દ્વારા બનાવવામાં આવેલ છે. આ મસ્જિદનું બાંધકામ નિર્માણ હિન્દુ-મુસ્લિમ શૈલીમાં કરવામાં આવેલ છે. ઇ.સ. 1890 દરમ્યાન ત્યાં રિપેરકામ કરવામાં આવ્યું હતું. ત્યાંની વાસ્તુ કળા ખૂબ જ આકર્ષણ ઊભું કરે છે.

**5. મરડેશ્વર મહાદેવનું મદિર (શહેરા):-**

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા મથકે આવેલ મરડેશ્વર મહાદેવનું મંદિર પ્રાચીન અને વિશાળ મંદિર છે. ત્યાં મંદિરમાં 6 મીટર ઊંચું અને 3 મીટરનો ઘેરાવો ધરાવતું અદભૂત શિવલિંગ છે. જે ભક્તોની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે. એવી માન્યતા છે કે પ્રતિવર્ષ આ મંદિરમાં રહેલું શિવલિંગ ચોખાના દાણા જેટલું વધે છે. ત્યાંના પૂજારીઓના કહેવા મુજબ આ મંદિર ચાર યુગ પુરાણું છે. પવિત્ર શ્રાવણ માસમાં આ મંદિરે ભક્તોની ખૂબ જ ભીડ જોવા મળે છે. દર સોમવારે વિશિષ્ટ પૂજા થાય છે. દર વર્ષે શિવરાત્રી અને જન્માષ્ટમીના દિવસે અહીં મેળો ભરાય છે. શ્રાવણના સોમવારે પણ અહીં મેળા જેવો માહોલ ઊભો થાય છે. આજુબાજુના વિસ્તારના લોકો શ્રાવણ માસના સોમવારે મોટી સંખ્યામાં દર્શન માટે ઊમટી પડે છે.

**6. નવલખી વાવ (ગઢ ચૂંદડી):-**

પંચમહાલ જિલ્લાના વડા મથક ગોધરાથી આશરે 12 કિમીના અંતરે ગઢ ચૂંદડી મુકામે રાવળ ફળિયામાં ઐતિહાસિક 'નવલખી' નામની વાવ આવેલી છે. નવલખી વાવનું બાંધકામ લાખા વણઝારાએ લોકોના સહયોગથી કર્યું હોવાનું મનાય છે. આ વાવ નવ લાખમાં બની હોવાથી 'નવલખી' વાવ તરીકે ઓળખાય છે. આ વાવ જે તે રજવાડા દ્વારા સંચાલિત થતી હતી. વાવનું બાંધકામ વિશેષ રીતે કોતરણી સાથે કરવામાં આવ્યું છે. આ વાવનું બાંધકામ ઇ.સ. 1732 થી 1768ના મધ્યકાળમાં થયું હોવાનું માનવમાં આવે છે. કહેવાય છે કે લાખો વણઝારો વેપાર માટે એક સ્થળેથી બીજા સ્થળે પોઠો લઈ સ્થળાંતર કરતો હતો. પોઠો લઈ ફરતા ફરતા લાખો વણઝારો એક વખત ગોધરા તાલુકાના ગઢ ગામે આવી અમુક સમય ત્યાં રોકાયો હતો. તે સમયે આજુબાજુના વિસ્તારમાં પાણીની સમસ્યા હતી. આથી લાખા વણઝારાએ અહીં એક વાવ બનાવી તેને નવલખી વાવ તરીકે ઓળખવામાં આવે છે.

નવલખી વાવનું બાંધકામ જોતાં આ વાવ એક મુખ અને ત્રણ માળની જોવા મળે છે. આ વાવ નંદા પ્રકારની બાંધકામવાળી જોવા મળે છે. તેમાં 52 પગથિયાં અને 108 ફૂટ લંબાઇ અને 108 ફૂટ ઊંડાઈ ધરાવે છે. આ વાવના બાંધકામમાં બીબામાં બનાવેલા રેતીયા પથ્થરોનો ઉપયોગ થયેલો જણાય છે. વાવના બીજા મજલા પર બંને બાજુએ ગોખ આવેલા છે. ગોખના મુગટની કોતરણીમાં પાંચ કૂતરાની કોતરણીના શિલ્પો જોવા મળે છે. વાવમાં ઉતરતા પહેલા શરૂઆતમાં પ્રવેશ મંદિર હતું. કોઈ કારણસર આ મંદિર નાશ પામ્યું છે. હાલ આ પ્રવેશ મંદિરના સ્થાને ફક્ત બે કોલમ જેવા પથ્થરો જોવા મળે છે. દુષ્કાળના સમયમાં પણ આ વાવમાંથી પાણી ખૂટતું નથી. અત્યારે પણ વાવમાં પુષ્કળ પાણી છે પણ જાળવણીના અભાવે પાણી પીવા માટે વાપરી શક્ય તેમ નથી. પરંતુ હાલમાં કેટલાક લોકો આ વાવના પાણીનો ઉપયોગ સિંચાઇ માટે કરે છે.

**7. ઝંડ હનુમાન:-**

મહાભારત કાળનું ઝંડ હનુમાન મંદિર પંચમહાલ જિલ્લાના જાંબુઘોડાના જંગલમાં આવેલું છે. અહીં 18 ફૂટની હનુમાનજીની મૂર્તિ સ્થાપેલી છે. હનુમાનજીની મૂર્તિ એક જ પથ્થરમાંથી બનાવવામાં આવી છે. આ મંદિરમાં આવેલી મૂર્તિની સ્થાપના પાંડવો દ્વારા કરવામાં આવી હોવાનું મનાય છે. પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન અહીં પસાર કરેલા સમયના કેટલાક અવશેષો આજે પણ જોવા મળે છે. ભીમ જે ઘંટીથી દળતો હતો તે ભીમની ઘંટી પણ આજે ત્યાં મૌજૂદ છે. અર્જુને દ્રૌપદી માટે બાણ મારી પાણી કાઢ્યું હતું તે કૂવો પણ ત્યાં આવેલો છે. અહીંયા કુદરતી સૌંદર્ય પણ ખૂબ જ આહલાદક છે. ચોમાસાની ઋતુમાં અહીંની હરિયાળી સોળે કલાએ ખીલી ઊઠે છે ત્યારે ગુજરાતભરમાથી ઘણાં લોકો અહીં દર્શન માટે અને ફરવા માટે અહીંયા આવતા હોય છે.

**8. સમાપન:-**

પંચમહાલ જિલ્લામાં નાના-મોટા ઘણાં ઐતિહાસિક સ્થળો આવેલા છે. પણ બીજા વિસ્તારોની સરખામણીમાં પંચમહાલનો ઇતિહાસ ઘણો ઓછો લખાયો છે. ઘણી લોકકથાઓ અને માન્યતાઓ તથા સ્ત્રોતો દ્વારા તેના ઇતિહાસને ઉજાગર કરવાના પ્રયત્નો કરવામાં આવેલા છે કે જે જાળવણીના અભાવે ખંડેર હાલતમાં જોવા મળે છે. આ લેખમાં પંચમહાલના અમુક સ્થળો વિશેની માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સંદર્ભસૂચિ:-**

1. 'અતુલ્ય વારસો', નવેમ્બર 2020
2. આપણો જિલ્લો પશ્ચિમી પંચમહાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર 2018-19
3. રૂબરૂ મુલાકાત, તા.19/03/2023, રવિવાર (પાવાગઢ)
4. 'ગુજરાતનો પુરાતત્વીય વારસો' માહિતી અને કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
5. ગુજરાત સમાચાર, પંચમહાલ - દાહોદ પૂર્તિ, ગુરુવાર, તા.17 માર્ચ 2022 પૃ.1
6. રૂબરૂ મુલાકાત, તા.21/08/2023, સોમવાર (મરડેશ્વર મંદિર, શહેરા)
7. રૂબરૂ મુલાકાત, તા.06/08/2023, શનિવાર (ઝંડ હનુમાન)